### વહીવટીતંત્ર ઊંઘે ત્યારે પ્રજાએ જાગવું પડે, રાજપીપળાના વરાછામાં

# રેતી માફિયાઓ સામે હલ્લાબોલ

**ગામમાંથી** બેફામ પસાર થતી બિનઅધિકૃત ઓવરલોડ રેતી ભરેલી ટ્રકો રોકી પાછી મોકલતાં તંત્રની ઊંઘ હરામ

**પોલીસ,** કલેક્ટર, આરટીઓ સહિતના તંત્રોને વારંવાર ફરિયાદ કરી, છેવટે સમાધાન માટે જાતે રસ્તે ઉતર્યા





રાજપીપળાઃ રાજપીપળા નજીક નર્મદા નદી કિનારે વરાછાના ગ્રામજનોએ બિનઅધિકૃત રેતી ભરેલી ઓવરલોડ ટ્રકો રસ્તા રોકી પાછી વાળતા સમગ્ર પંથકમાં જનશક્તિની ચર્ચા ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ નાંદોદ તાલુકાના નર્મદા નદી કિનારેના વરાછા ગામમાં નદીના સામેના પટમાંથી રેતી ભરેલી ઓવરલોડ ટ્રકો માધવસેતુ બ્રિજ પર થઈ વરાછા ગામમાં થઈ ઉમલ્લા સુરત જતી હતી. રોજેરોજ દિવસ-રાત લગભગ 100થી વધુ ટ્રકો ગામમાંથી પસાર થતા ગ્રામજનો હેરાન પરેશાન થઈ ગયા હતા.

ભારે ટ્રકોને કારણે ગામના રસ્તા જર્જરિત થતા હતા. ઊડતી રેતીને કારણે ખેડૂતોના ખેતરોમાં ખેતીને નુકસાન ખૂબ થતું હતું. ગ્રામજનોએ આ ટ્રકોની અવરજવર બંધ કરાવવા, કલેક્ટર, ભૂસ્તર શાસ્ત્રી, SP, RTOમાં અનેક રજૂઆતો કરી પણ તંત્રના પેટનું પાણી પણ ના હાલ્યું. ત્યારે આખરે ગ્રામજનોએ સંગઠિત બની રસ્તા રોકી ટ્રકોને અટકાવી પાછી વાળી હતી. આજે દિવસ દરમ્યાન ગ્રામજનોએ લગભગ 100થી વધુ બિનઅધિકૃત ઓવરલોડ રેતી ભરેલી ટ્રકો પાછી વાળી તંત્રને પ્રજાશક્તિનો પરચો આપી દીધો હતો.

### વાલીયાના કોંઢ ગામે ગેરકાયદે ખનીજ ખનન ઝડપાયું

ભરૂચ: વાલીયા તાલુકાના કોંઢ ગામે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રીય તપાસ ટીમ દ્વારા આકસ્મિક તપાસ દરમિયાન એક એક્સકેવેટર મશીન દ્વારા સાદી માટી ખનીજનું બિનઅધિકૃત ખનન કરવામાં આવતું હોવાનું પકડાયું હતું. તપાસમાં ખનીજ ખનન માટે કોઈપણ પ્રકારની કાયદેસર મંજૂરી કે પરવાનગી ન હોવાનું સામે આવતાં તંત્ર દ્વારા તરત જ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બિનઅધિકૃત ખનનમાં ઉપયોગમાં લેવાયેલા એક્સકેવેટર મશીન સહિતનો અંદાજિત કુલ રૂપિયા 50 લાખનો મુદ્દામાલ બિનવારસી તરીકે સીઝ કરવામાં આવ્યો હતો. સીજ કરાયેલા મુદ્દામાલ કોંઢ ગામના સરપંચની હાજરીમાં ગ્રામ પંચાયત હસ્તક મૂકવામાં આવ્યો હતો. સાથે જ સમગ્ર મામલે ખનીજ નિયમો અનુસાર કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### રેતી માફિયાઓની વગ ઉપર સુધી હોવાથી પ્રજાનો અવાજ સંભળાતો નહોતો, હવે...

વરાછા ગામમાંથી રેતીની ઓવરલોડ ટ્રકોની ગેરકાયદે અવરજવર મામલે ગામના ઉપસરપંચ મનીષ પટેલે જણાવ્યું કે ટ્રકો પર પ્રતિબંધ મુકવા અનેક રજૂઆતો કરી, પરંતુ પોલીસ કહે RTO જાણે અને RTO કહે પોલીસ જાણે. રેતી માફિયાઓની વગ ઉપર સુધી હોવાથી તંત્ર નિષ્ક્રિય હતું, જેથી ગ્રામજનોએ પ્રજાશક્તિનો પરચો આપવો પડ્યો.

# બારડોલીના સરભોણ ગામમાં ખેડૂતોની સુરક્ષાના નામે મીંડું

**ફેન્સિંગ** તોડવાની, શેરડી સળગાવી નાંખવાની ઘટનાઓમાં પોલીસે તપાસમાં એક ડગલું પણ નહીં ભરતા ખેડૂતોમાં ભારે રોષ, આંદોલનનો મનસૂબો

બારડોલીઃ બારડોલી તાલુકાનું સરભોણ ગામ અસામાજિક તત્વોના અડ્ડા સમાન બની ગયું હોય તેમ જણાય છે. લાંબા સમયથી અહીંના ખેડૂતોને નિશાન બનાવી તેમની ખેતી અને મિલકતને પારાવાર નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે, પરંતુ કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના શિરે છે તેવી બારડોલી ગ્રામ્ય પોલીસ કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ લાગે છે.

ગત અઠવાડિયે જ અસામાજિક તત્વોએ એક ખેડૂતના ખેતરની સુરક્ષા માટે કરેલી ફેન્સિંગ વાડ તોડી પાડી હતી અને આંબાની કિંમતી કલમોને નુકસાન પહોંચાડ્યું હતું. આ અંગે ખેડૂતે લેખિતમાં રજૂઆત કરવા છતાં પોલીસે હજુ સુધી એક ડગલું પણ આગળ વધવાની તસ્દી લીધી નથી. આ અગાઉ પણ અનેક ખેડૂતોની લાખોની કિંમતની શેરડી સળગાવી દેવાની ઘટનાઓ બની છે, જેમાં તપાસના નામે મીંડું જોવા મળી રહ્યું છે. અવારનવાર થતા નુકસાન અને પોલીસની ઢીલી નીતિને કારણે સરભોણના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો આગામી દિવસોમાં ગુનેગારોને પકડવામાં નહીં આવે અને પોલીસ પેટ્રોલિંગ સઘન નહીં કરાય, તો ખેડૂતો ઉગ્ર આંદોલન કરવાની રણનીતિ ઘડી રહ્યા છે.

### સરભોણ આઉટ પોસ્ટ ક્વાટર્સમાં પોલીસનો એકેય કર્મચારી રહેવા આવ્યો નથી, ધૂળ ખાય છે

સરકાર દ્વારા ખેડૂતોની સુરક્ષા અને કાયદો જાળવવા માટે સરભોણ આઉટ પોસ્ટ ખાતે લાખોના ખર્ચે અદ્યતન ક્વાટર્સ બનાવવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે અહીં કોઈ પોલીસ અધિકારી કે કર્મચારી વસવાટ કરતા નથી. રાત્રિના સમયે જ્યારે ખેડૂતો પર આફત આવે ત્યારે તેમને છેક બારડોલી સુધી ધક્કા ખાવા પડે છે. જનતાના ટેક્સના પૈસે બનેલી આ સુવિધાઓ ધૂળ ખાઈ રહી છે.

### આઉટ પોસ્ટમાં જમાદાર અશ્વિનભાઈનો અડીંગો

સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે કે આઉટ પોસ્ટમાં ફરજ બજાવતા જમાદાર અશ્વિનભાઈ, જેઓ અગાઉ પણ અહીં નોકરી કરી ચુક્યા છે, વારંવાર તેમની નિમણૂકને લઈને પણ અનેક ચર્ચાએ જોર પકડ્યું છે. જમાદારને અહીંથી ખસેડવામાં આવે એવી પણ માગ ઉઠી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગોવાલીમાં ઘઉંના ખેતરમાં દારૂ, પિતા ઝડપાયા, પુત્ર વોન્ટેડ

ભરૂચ: ઝઘડિયા પોલીસની ટીમને બાતમી મળી હતી કે ગોવાલી ગામે પ્રમુખ એવન્યુ શોપિંગ સેન્ટરની પાછળ ઘઉંનાં ખેતરમાં ઈંગ્લીશ દારૂ છુપાવેલો છે. પોલીસે રેડ કરતા ગોવાલી ગામે ચંચળબા ફળિયામાં રહેતા લાલા નગીનભાઈ વસાવાને પકડીને જુદી જુદી બ્રાંડની ઈંગ્લીશ બોટલ 696 કિંમત રૂ.2,57,050/- મતાનો મુદ્દામાલ કબજે કર્યો છે. લાલાભાઈના પુત્ર નીખીલ લાલાભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કરી પોલીસે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

### સાયણમાં દારૂ સાથે મહિલા ઝડપાઈ, પુત્ર વોન્ટેડ

સાયણ: શનિવારે ઓલપાડ પોલીસે બાતમીના આધારે સાયણ ટાઉનના કાશી ફળિયામાં રહેતી બુટલેગર ગીતાબેન સુરેશભાઇ રાઠોડ (ઉં.વ.૫૦)ને ઘરે રેડ કરી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી હતી. પોલીસે ઘરના પાછળના વાડામાંથી કોથળીમાં સંતાડેલા વિદેશી દારૂની નાની બોટલો તથા બીયર મળી કુલ નંગ-૧૦૦, જેની કિંમત રૂપિયા ૧૬,૪૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પૂછપરછમાં તેણીએ કહ્યું હતું કે, આ વિદેશી દારૂનો જથ્થો તેનો દિકરો રોહિત લાવે છે અને તે છુટક વેચાણ કરે છે. પોલીસે તેના પુત્ર રોહિત બાબુ રાઠોડને વોન્ટેડ જાહેર કરી બંન્ને વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

### લખીગામમાં મોંઘીદાટ દારૂની બોટલો સાથે એક ઝડપાયો

ભરૂચ: દહેજ મરીન પોલીસે લખીગામ નવીનગરલોટમાં એક ક્રેટા ગાડીમાં રૂ.27 હજારથી વધુનો વિદેશી દારૂ સાથે આઈફોન મળીને કુલ રૂ.10.47 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. લખીગામ, નવીનગરીમાં રહેતો પ્રીતેશ ઉર્ફે પીન્ટો ગણપતભાઈ ગોહિલ (ઉં.વ.26) પોતાની ક્રેટા ગાડી (નં GJ 16 DS 0592) વિદેશી દારૂ ભરીને આવી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી તેને ઝડપી પાડ્યો હતો. કારમાંથી મોંઘીદાટ વિદેશી દારૂની 28 નંગ બોટલ કિંમત રૂ.27,208, આઈફોન મોબાઈલ કિંમત રૂ.20,000, ક્રેટા ગાડીની કિંમત રૂ.10,00,000 મળીને કુલ રૂ.10,47,208નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

### અંકલેશ્વરમાં વોન્ટેડ બુટલેગર ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચ: ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચે બે માસ અગાઉ જીતાલી ફાટક પાસેથી રિક્ષામાં વહન થતાં રૂ. 1.18 લાખ કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે બે સગીરોને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે જીતાલી ગામના ડ્રીમ સિટી વિસ્તારમાં રહેતી સવિતા મેઘનીરાય યાદવ દ્વારા રિક્ષામાં દારૂ ભરી દઢાલ ગામે રહેતા અબ્દુલ કાદીર ઉર્ફે કાદર ઈબ્રાહીમશા દિવાનને પહોંચાડવાનો હતો. એલસીબી પોલીસને મળેલી બાતમીના આધારે વાપી વિસ્તારમાંથી વોન્ટેડ આરોપી રોશનસિંગ સંતકુમાર સિંગ (રહે., વાપી)ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

### શિયાલજ નજીક હાઇવે પર ટ્રકની અડફેટે મોટરસાઇકલનું મોત


ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા નજીક અકસ્માત માટે કુખ્યાત બનેલા નેશનલ હાઇવે પર વધુ એક અકસ્માતમાં મોટરસાયકલ ચાલકનું મોત થયું હતું. શિયાલજ પાટીયા નજીક હાઇવે પરથી પસાર થતી મોટરસાયકલ ચાલકને પુરપાટ ઝડપે ધસી આવેલી ટ્રકે અડફેટે લેતા ગંભીર ઈજા પામેલા મોટરસાયકલ ચાલકનું ઘટના સ્થળે મોત થયું હતું. બનાવ અંગે કોસંબા પોલીસે લાશનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વર ને.હા. પર શંકાસ્પદ લોખંડનો ભંગાર ભરેલો ટેમ્પો ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર નજીક નેશનલ હાઇવે પર ભરૂચ એસઓજીની ટીમે શંકાસ્પદ લોખંડના ભંગાર ભરેલા ટેમ્પો સાથે ચાલકને ઝડપી પાડ્યો હતો. પોલીસે ટેમ્પોચાલક અન્સાર માર્કેટમાં રહેતા કમાલ મહંમદ ઇબ્રાહિમ શાહ પાસે ભંગારના જથ્થા અંગે જરૂરી બિલ તથા દસ્તાવેજોની માંગણી કરી હતી, પરંતુ તે સંતોષકારક પુરાવા રજૂ કરી શક્યો ન હતો. જેથી પોલીસ દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે રૂ.38,800 ની કિંમતનો લોખંડનો ભંગાર તેમજ રૂ.૨ લાખની કિંમતનો ટેમ્પો મળી કુલ રૂ.2,38,800 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પૂછપરછ દરમિયાન ચાલકે જણાવ્યું હતું કે આ ભંગાર નોબલ માર્કેટમાં ગોડાઉન ધરાવતા મનીહાર અબ્દુલ રહીમના કહેવાથી અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલા ગુલામ એન્ટરપ્રાઇઝમાંથી ભરવામાં આવ્યો હતો. આ મામલે એસઓજી પોલીસે જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી વધુ તપાસ શરૂ કરી છે.

### ચોરાયેલા iphoneને ટ્રેસ કરી માંડવી પોલીસે ચોરને પકડી પાડ્યો

માંડવી: માંડવી પોલીસે CEIR પોર્ટલની મદદથી ચોરાયેલા મોબાઈલ ફોનનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરીને ચોરાયેલો Apple iPhone 15 મોબાઈલ ફોન રિકવર કર્યો છે. આ ઘટના માંડવી તાલુકાના નરેણ ગામની સીમમાં આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે બની હતી. કોઈ ચોરે ફરિયાદીનો રૂ.74,900ની કિંમતનો Apple iPhone 15 ચોરી કરી લીધો હતો. માંડવી પોલીસે ગુનો નોંધી iPhone 15ને CEIR પોર્ટલ પર ટ્રેસ માટે મૂક્યો હતો. મોબાઈલ ટ્રેસ થતાં જ પોલીસની ટીમે આરોપી સુભાષભાઈ છોટુભાઈ ગામીત (ઉં.વ.૪૪, ધંધો મજૂરી, રહે., નરેણ ગામ, આશ્રમ ફળિયું, તા. માંડવી, જિ. સુરત)ને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

# કુંભીયાના સરપંચે કચરાગાડીનો દુરૂપયોગ કર્યાનો વિડીયો વાયરલ

**કચરા** માટે ફાળવાયેલી ઈ-રિક્ષામાં પશુનો ચારો લવાયો, પશુને બાંધવા માટે કરાયો હોવાના પગલે ગ્રામજનોમાં ફિટકાર



વાલોડ: વાલોડ તાલુકાના કુંભીયા ગામે ડોર ટુ ડોર કચરા કલેક્શન માટે ફાળવવામાં આવેલી ઈ-રીક્ષાનો સરપંચ દ્વારા દૂરૂપયોગ કરાયો હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકો ભારે ફીટકાર વરસાવી રહ્યા છે.

કુંભીયા ગામે ડોર ટુ ડોર કચરા કલેક્શન માટે ઇલેક્ટ્રિક રીક્ષાની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં ગામનો સૂકો અને ભીનો કચરો એકત્ર કરી સેગ્રિગેશન શેડ સુધી પહોંચાડવાનો હોય છે. પરંતુ ગામના સરપંચ દ્વારા આ ઈ-રીક્ષાનો દૂરૂપયોગ કરાઈ રહ્યો છે. કચરા કલેક્શન વાહનમાં પશુઓ માટે ચારો લવાઈ રહ્યો હોવાનું, એટલું જ નહીં આ વાહનનો ઉપયોગ પશુ બાંધવા માટે કરાયો હોવાનો વિડીયો હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે, જેને લઇને લોકો ભારે ફિટકાર વરસાવી રહ્યા છે.

### વાછરડીને થોડી વાર બાંધેલી, બાકી મેં કોઈ દુરૂપયોગ કર્યો નથી: સરપંચ

વાયરલ વિડીયો બાબતે કુંભીયા ગામના સરપંચ સંદીપ ચૌધરીએ જણાવ્યું હતું કે મેં કોઈ ઈ-રીક્ષાનો ઉપયોગ મારા પર્સનલ કામ માટે કર્યો નથી. ઠંડીનું વાતાવરણ હોય જેથી નાની વાછરડીને તડકો લાગે એ માટે મેં થોડીવાર માટે આ વાહન પાછળ બાંધી હતી, જે વિડીયો કોઈએ ઉતારી મને બદનામ કરવા માટે સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે.

# અંકલેશ્વરના સિગ્નેચર કોમ્પલેક્સમાં સ્પાની આડમાં દેહવ્યાપાર ઝડપાયો

**પોલીસે** ડમી ગ્રાહક મોકલીને દેહવ્યાપારનો પર્દાફાશ કર્યો, છ યુવતીને મુક્ત કરાવાઈ મેનેજરની અટકાયત, સ્પાની મહિલા સંચાલિકા વોન્ટેડ



અંકલેશ્વરઃ અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ પાસે આવેલ સિગ્નેચર શોપિંગમાં સ્પાની આડમાં ચાલતા દેહવેપારનો પોલીસે પર્દાફાશ કર્યો હતો અને છ યુવતીને મુક્ત કરાવી હતી, જ્યારે સ્પાના મેનેજરની અટકાયત કરીને સ્પાની મહિલા સંચાલિકાને વોન્ટેડ જાહેર કરી હતી.

અંકલેશ્વર મહાવીર ટર્નિંગ પાસે આવેલ સિગ્નેચર શોપિંગ સેન્ટરમાં રોઝ સ્પામાં મસાજની આડમાં દેહવેપાર કરવામાં આવતો હોવાની બાતમી ભરૂચ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ શાખાને મળી હતી. જે ચોક્કસ બાતમીને આધારે પોલીસે ડમી ગ્રાહક મોકલીને દેહવેપારનો પર્દાફાશ કર્યો હતો અને છ યુવતીને નોટિસ આપીને મુક્ત કરાવી હતી. જ્યારે સ્પામાં મેનેજર તરીકે ફરજ બજાવતા વાસુ વકતારામની પોલીસે અટકાયત કરી હતી અને રોકડા રૂપિયા તેમજ મોબાઈલ મળીને કુલ રૂપિયા 11 હજાર 500નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ ઉપરાંત પોલીસે રોઝ સ્પાની મહિલા સંચાલિકા અનિતાસિંહ રામબરનને વોન્ટેડ જાહેર કરી હતી તેમજ આ અંગે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### રસ્તામાં ભૂંડ આવી ચઢતા બાઈક સ્લિપ, ચાલકનું મોત

અનાવલ: માંડવી તાલુકાના રહેવાસી દીપકભાઈ બાબુભાઈ ચૌધરી મોટરસાયકલ લઈને તાલુકા પંચાયત મહુવા ખાતે નોકરીએ જઈ રહ્યા હતા. એ દરમિયાન મહુવા બોરીયા માર્ગ પર મહુડી ગામની સીમમાંથી પસાર થતી વેળા રસ્તા પર અચાનક એક જંગલી ભૂંડ આવી જતાં બાઈક સ્લીપ થઈ ગઈ હતી. દીપકભાઈ રોડ પર પટકાતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

તેમને મહુવા અને ત્યારબાદ બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખસેડાયા હતા. ત્યાંથી તેમને સુરતની INS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

# કુકરમુંડામાં રસ્તા પર પાણી, ઘરોમાં લોકો વલખાં મારે છે

**નળો** રિપેર થયા નથી, પાણીની પાઈલાઈન ઠેર ઠેર ફાટેલી, ગ્રામજનોમાં ભારે રોષ

કુકરમુંડા : કુકરમુંડા તાલુકાના ઈટવાઈ ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળના ગંગથા ગામે વાસ્મો યોજના અંતર્ગત ભ્રષ્ટાચારના આક્ષેપ ઉઠ્યા છે. પીવાના પાણીની સમસ્યાનું નિવારણ કરવા માટે પાણીની ટાંકી, નળોના રિપેરિંગ કામ માટે લાખો રૂપિયા ફાળવાયા, છતાં કામ એટલું નબળું અને બેજવાબદાર રીતે કરવામાં આવ્યું કે પાઈપલાઈન અનેક જગ્યાએ ફાટેલી હાલતમાં જોવા મળી રહી છે. ગામના રસ્તાઓ પર બેફામ પાણી વહી રહ્યું છે. જ્યારે બીજી બાજુ ગ્રામજનોએ પીવાના પાણી માટે વલખાં મારવા પડે છે. સ્થાનિક લોકોના ખુલ્લા આક્ષેપો છે કે નળ અને પાઈપલાઈનનું કામ ફક્ત દેખાવ પૂરતું કરાયું છે. કાગળ પર પૂરું કામ બતાવી સરકારી નાણાંની લૂંટ કરવામાં આવી હોવાનું જણાઈ આવે છે.

### ગ્રામજનો દ્વારા મારી પાસે ફરિયાદ આવી નથી: સરપંચ

સરપંચ અક્ષય નાયકને જણાવ્યું હતું કે, આ બાબતે કામગીરી ચાલુ છે અને હમણાં સુધી કોઈ ગ્રામજનો દ્વારા મારી પાસે ફરિયાદ આવી નથી તેમ છતાં હું આ બાબતે તપાસ કરાવી લઈશ.

### રવિવાર હોવાથી મને જાણ નથી, સોમવારે તપાસ કરાવીશ: TDO

આ બાબતે કુકરમુંડા તાલુકા વિકાસ અધિકારીને ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, આજરોજ રવિવાર હોવાને કારણે મને આ બાબતે જાણ નથી પરંતુ સોમવારે હું તપાસ કરાવી લઈશ એવું જણાવ્યું હતું.

# ઝઘડિયાના માલજીપુરા ગામે પાલતું કુતરાને લઈ બબાલ

ભરૂચ: ભરૂચના ઝઘડિયા તાલુકાના માલજીપુરા ગામે પાળેલા કુતરાને બાંધવાનું કહેતા થયેલા ઉગ્ર ઝઘડામાં એક મહિલા સહિત 2 વ્યક્તિ સામે ગુનો નોંધાયો છે.

માલજીપુરા ગામે રહેતા પદમાબેન વસાવાનું પાળેલું કુતરું ગત તા. 1 ના રોજ સવારે ગામની ઉર્મીલાબેન નામની મહિલાને કરડ્યું હતું. ઉર્મિલાબેનને સારવાર અર્થે ધારોલી સરકારી દવાખાને લઈ જવામાં આવ્યાં હતા. સ્થાનિકોમાં થતી ચર્ચા મુજબ, આ કુતરું અગાઉ દિવાળીના તહેવારો દરમિયાન પણ અન્ય એક મહિલાને બચકું ભરી ચૂક્યું હતું. ત્યારબાદ તા.3જીના રોજ ઉર્મીલાબેને પદમાબેનને વિનંતી કરી હતી કે તમારું કુતરું બાંધી રાખો અથવા તેને અહીંયાથી હટાવી દો. આ સામાન્ય સૂચનથી ઉશ્કેરાઈ જઈ પદમાબેન દલપતભાઈ વસાવા અને નિલેશભાઈ દલપતભાઈ વસાવાએ ઉર્મીલાબેન ઝઘડો કરી ગાળો ભાંડી ઉર્મીલાબેન સાથે ઝપાઝપી કરી હતી અને નિલેશભાઈએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઉર્મીલાબેનના બહેન સુભદ્રાબેને પદમાબેન અને નિલેશભાઈ વિરુદ્ધ ઝઘડિયા જીઆઈડીસી પોલીસમથકમાં વિધિવત ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

# શો-રૂમમાં પડેલી ઈકો કારનો મેમો ફાડનારા જમાદાર સામે ભારે રોષ

**જિલ્લા** પોલીસ વડાને ફરિયાદ કરી છે, તપાસમાં ભીનું સંકેલાશે કે છાવરવાનો પ્રયાસ થશે તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાશે

હથોડાઃ કીમ ચાર રસ્તા ખાતે ટ્રાફિક જમાદારે એક ઈકો કારના માલિકને, તેમની ગાડી છેલ્લા પાંચ દિવસથી અકસ્માતના ક્લેઈમ માટે શો-રૂમમાં પડી હોવા છતાં અને રોડ પર ન હોવા છતાં તેનો મેમો ફાડીને ધમકાવ્યા હોવાની લેખિત ફરિયાદ પાંચ દિવસ પહેલા સુરત જિલ્લા પોલીસ વડાને કરવામાં આવી હતી.



ભોગ બનનાર પીડિત ગાડી માલિક ઈમ્તિયાઝ યુસુફ સરદાર તેમજ અન્ય વાહનચાલકોએ આ ઘટના અંગે પોલીસ તંત્ર નિષ્પક્ષ તપાસ કરી પોલીસકર્મી સામે દાખલારૂપ પગલાં ભરે તેવી માંગ કરી છે.

હથોડા ગામના કોઢા ફળિયામાં રહેતા ઈમ્તિયાઝ સરદારની ત્રણ પૈકીની એક ઈકો ગાડીનો અકસ્માત થયો હોવાથી તે ક્લેઈમના કામે પાંચ દિવસથી નજીકના કટારીયા શો-રૂમમાં મૂકેલી હતી. તે છતાં ટ્રાફિક જમાદાર નિલેશભાઈ અશોકભાઈ શિમ્પીએ ઉશ્કેરાઈને ધમકી આપી હતી કે, "તારી બધી ગાડીઓના મેમો આપીશ, જો મેમો નહીં ભરે તો જેલમાં પૂરી દઈશ અને એકપણ ગાડી રોડ પર ચાલવા નહીં દઉં." તેવું કહી ઈમ્તિયાઝભાઈની ત્રણેય ગાડીઓના મેમો ફાડી દીધા હતા.

જમાદારની આ કામગીરી અને ધાક-ધમકીથી ગભરાઈ ગયેલા માલિકે ન્યાય માટે જિલ્લા પોલીસ વડાને ફરિયાદ કરી છે. જે ગાડી શો-રૂમમાં હતી તેના સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા મેળવી યોગ્ય તપાસ કરવામાં આવે. ઈમ્તિયાઝ સરદારે આક્રોશ સાથે જણાવ્યું છે કે, જો આ બાબતે યોગ્ય ન્યાય નહીં મળે તો ટૂંક સમયમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે.

# માંડવી સુગર બચાવો, ખેડૂત સમિતિનું ગઠન

**માંડવી સુગર** બચાવો અભિયાનની પાંચમી બેઠક યોજાઈ, ખેડૂતોના હિત માટે અંતિમ શ્વાસ સુધી લડતનો સંકલ્પ

માંડવીઃ માંડવી સુગર બચાવો - સહકારિતા બચાવો અભિયાન અંતર્ગત નરેણ વહીવટી ઓફિસ ખાતે પાંચમી મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખેડૂતોના હક, સ્વાભિમાન અને સહકારિતાને બચાવવા માટે ખેડૂત સમિતિની રચના કરવામાં આવી હતી.

કસ્ટોડિયન કમિટીના પ્રમુખ સંદીપભાઈ શર્માના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં ઉપપ્રમુખ રમેશભાઈ સાવલિયા અને કમિટી સભ્ય શરાદભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. નવી રચાયેલી ખેડૂત સમિતિના સભ્યોમાં વદેશીયાના સરપંચ મિતલભાઈ ચૌધરી, અરેઠના પ્રકાશભાઈ પટેલ, નરેણના જયેશભાઈ ચૌધરી, ઝાબના ભરતભાઈ ગામીત અને ધરમપુરના નટુભાઈનો સમાવેશ થાય છે. બેઠકમાં હાજર તમામ સ્થાનિક આગેવાનો અને ખેડૂત પ્રતિનિધિઓએ સર્વસંમતિથી જણાવ્યું હતું કે સુગર સહકારિતા અને ખેડૂતોના હિત સામે થતી કોઈપણ અન્યાયી કાર્યવાહીનો કડક વિરોધ કરવામાં આવશે અને અંતિમ શ્વાસ સુધી લડત ચલાવવામાં આવશે.


Milano MULTIPLEX
બારડોલી
Ikkis
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Bicharo Bachelor-Gujarati
06:30pm
Avatar: Fire And Ash
10:30am, 09:30pm
Dhurandhar
12:00pm, 02:30pm, 05:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


**-: જાહેરનામુ :-**

ગામ - દિણોદ તાલુકો - માંગરોળ જિલ્લો - સુરત ની કુલ- ૩ (૧) ગ્રામ પંચાયત દિણોદ (૨) ગ્રામ સમાજવાડી દિણોદ (૩) જુનુ આરોગ્ય કેન્દ્ર જાહેર હરાજીથી ઉતારી કાટમાળ સાથે આપવાનાં છે. રસ ધરાવતા ઈસમોએ નીચેના સ્થળ અને સમયે હાજર રહેવુ. હરાજીની શરતો જે તે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

નોધ :

આથી રસ ધરાવતાં ઈસમોને જણાવવાનું કે મોજે દિણોદ તાલુકો- માંગરોળ જીલ્લો - સુરત ખાતે આવેલા કાટમાળ સહિતના ઉભા ઈમલાના માલ સામાન લઈ જઈ જગ્યા ખુલ્લી કરી આપવાના કામની જાહેર હરાજી કરવાની હોય તો રસ ધરાવતાં વ્યકિતઓને હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીમાં ભાગ લેનાર રૂ/- ૩૦૦૦/- ડિપોઝીટ ભરવાની રહેશે. હરાજીની શરતો ગ્રામ પંચાયત નાં નોટીસબોર્ડ પર જોવા મળશે. તથા જે તે સ્થળ ઉપર હરાજીના દિવસે વાંચી સંભળાવવામાં આવશે

તારીખ :-૦૬/૦૧/૨૦૨૬(મંગળવાર)
સ્થળ :- ગ્રામ પંચાયત દિણોદ
સમય :- સવારે ૧૧:૦૦

દિણોદ ગ્રામ પંચાયત
સંપર્ક નંબર: ૬૩૫૫૮૫૬૯૨૮, ૯૭૧૨૮૮૪૨૨૮

**જાહેર નોટીસ** કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૪૯૨/૨૦૨૫
તા. 30/૧૨/૨૦૨૫

વાદી:- નિઝામુદ્દીન અબ્બાસ શેખ, રહે.૩૬, સોએબ નગર, ઉન, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૪૨૧૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી:- (૧) મામલતદારશ્રી માંડવી, તા.માંડવી, જી.સુરત, (૨) જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી વરેઠી ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી નિઝામુદ્દીન અબ્બાસ શેખ, રહે.૩૬, સોએબ નગર, ઉન, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૪૨૧૦ એ તેઓના પોતે નિઝામુદ્દીન અબ્બાસ શેખનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: નિઝામુદ્દીન અબ્બાસ શેખ ૨. જન્મ તારીખ: 01/06/1955 ૩. જન્મનું સ્થળ: મોજે. વરેઠી, તા. અરેઠ, જી. સુરત
સબબ, ઉપરોક્ત વિગતે નિઝામુદ્દીન અબ્બાસ શેખના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-30માં અથવા આ કામની સુનાવણી તા.29/01/2026ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.30/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
(કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવી પ્રાંત, જિ.સુરત